## જન્મદિને વધામણી



**રતિલાલ ચીમનલાલ પરમાર**
કર્મચારી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, ગાંધીનગર
મો. ૯૭૨૭૯ ૧૯૨૮૮



**રવિ બાબુલાલ નાયી**
મો. ૯૩૭૬૭ ૬૪૦૪૪



**અભય ભરતકુમાર મોદી**
મો. ૮૪૦૧૩ ૧૨૭૬૭





લોક સાહિત્ય પરિવાર, ગાંધીનગર દ્વારા સોમવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ (૪ જાન્યુઆરી) નિમિત્તે 'સંભારણાં' નામે લોકગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતી ફિલ્મોના પાર્શ્વગાયક અને અભિનેતા મંગલ ગઢવી, ભાવના રાણા અને લોકગાયક પ્રફુલ્લ દવેના પુત્ર હાર્દિક દવે દ્વારા લોકગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન લોકસાહિત્યકાર ઘનશ્યામ ગઢવીએ સંભાળ્યું હતું. કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો, જેમાં લેખક દૌલત ભટ્ટ, ડૉ. કેશુભાઈ દેસાઈ, ઉપેન્દ્ર ત્રિવેદીના પુત્ર હેમંત ત્રિવેદી, ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદી જોડાયા હતા. કાર્યક્રમ અંતર્ગત બહુધા ઉપેન્દ્ર ત્રિવેદીની જાણીતી ફિલ્મ્સનાં ગીતો, લોકગીતો, ભજનો રજૂ કરવામાં આવ્યાં હતાં. હાર્દિક દવેનો જસદણ પછી આ બીજો જ કાર્યક્રમ હતો પરંતુ એની ગાયકી ગાંધીનગરાઓએ વખાણી હતી ને એણેય પોતાની ગાયકીને સાબિત કરવા ભજન, ગીતોમાં અવનવાં વેરીએશન્સ આપીને પ્રેક્ષકોની તાળીઓ બે હાથે એકઠી કરી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૦૦
પોઈન્ટ બ્રેક (૩ડી અંગ્રેજી)
૪.૪૫
સ્ટાર વૉર્સ (૩ડી અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૨.૪૫
હુ તુ તુ તુ
૧૦.૦૦, ૪.૦૦, ૯.૩૦
છેલ્લો દિવસ
૬.૩૦

**સ્ક્રીન-૫**
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦, ૧૨.૪૫
દિલવાલે
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫
દિલવાલે
૭.૦૦
છેલ્લો દિવસ
૧૦.૦૦

## ધો. ૧૧ સૅમેસ્ટર-૧માં સ્વામિનારાયણ વિદ્યાલયના પાંચ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર થયેલાં ધોરણ-૧૧, સૅમેસ્ટર-૧નાં પરિણામમાં શ્રી સ્વામિનારાયણ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ના કુલ પાંચ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે તેમજ ૧૯ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જ્યારે શ્રી સ્વામિનારાયણ ઇંગ્લિશ હાયર સૅકન્ડરી સ્કૂલના કુલ ૩ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. એ-૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓમાં જૈનુલ નવિનચંદ્ર પટેલ, ફાંસી હર્ષદરાય પંડ્યા, હર્ષનીલ મુકેશ ચૌધરી, ખિલન વિપુલકુમાર મોદી, કર્તવ્ય મહેન્દ્રગીરી ગોસ્વામી અને એ-૨ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓમાં ઋત્વી પ્રજ્ઞેશ પટેલ, ભવાની વિનયકુમાર માવાની તથા રોનકકુમાર જિતેન્દ્રકુમાર દરજીનો સમાવેશ થાય છે. આ સૌ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદ પાઠવવામાં આવ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરિત સિનિયર સિટિઝનની રાજ્યકક્ષાની રમતગમત સ્પર્ધા તાજેતરમાં છોટુભાઈ પુરાણી ડિગ્રી કૉલેજ ઑફ ફિઝીકલ ઍજ્યુકેશન, રાજપીપળા, નર્મદા ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર જિલ્લા તરફથી ઇન્દુમતિ નિમાવત તથા કાંતિભાઈ કે પટેલે ભાગ લીધો હતો. જિલ્લા રમતગમત અધિકારીએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ઇન્દુમતિ નિમાવતે ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડમાં પ્રથમ તથા ગોળાફેંકમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કે કે પટેલે ગોળાફેંક, બરછીફેંકમાં પ્રથમ ક્રમ મેળવી ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે. ગાંધીનગરની રમતપ્રેમી જનતા, સંસ્થાઓ તરફથી બંને સિનિયર સિટિઝન ખેલવીરોને અભિનંદન પાઠવાયા છે.

# લૉ યુનિવર્સિટી ખાતે માઈગ્રન્ટ લિટરેચર, કલ્ચર વિશે મીટ સંપન્ન



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના પાદરે કાર્યરત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે બિ દિવસીય કલ્ચરલ મીટ સંપન્ન કરવામાં આવી છે.

જી બી પંત સોશિયલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ અને જીઍનઍલયુના સંયુક્ત ઉપક્રમે ટાટા ટ્રસ્ટ, મુંબઈ અનુદાનિત 'માઈગ્રેશન ઍન્ડ કલ્ચરલ ટ્રેડીશન્સ ઑફ ભોજપુરી રિઝન : એ રિસર્ચ ઍન્ડ ડૉક્યુમૅન્ટેશન પ્રોગ્રામ' અંતર્ગત આયોજિત આ મીટનું થીમ હતું : 'લોકધ્વનિ : માઈગ્રન્ટ લિટરેચર, કલ્ચર ઍન્ડ સોસાયટી : એ ડિસ્કોર્સ ઑન હોમલૅન્ડ ઍન્ડ ડૅસ્ટીનેશન'.

પ્રૉ. રઘુવીર ચૌધરીના હસ્તે આ મીટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેમણે ઉદ્ઘાટન સત્રને સંબોધિત પણ કર્યું હતું. એ પહેલાં જીઍનઍલયુના ડિરેક્ટર સૌરભ આનંદે સ્વાગત પ્રવચન કર્યું હતું અને અતિથિઓનો પરિચય આપ્યો હતો. અતિથિઓમાં પ્રૉ. રઘુવીર ચૌધરી ઉપરાંત જીઍનઍલયુના ડિરેક્ટર પ્રૉ. બિનલ ઍન પટેલ, ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રૉ. વિદ્યુત જોષી, ઍલઍલઍસઆઈયુ, બૅંગ્લોરના પ્રૉ. ઍન જયરામ તથા જેઍનયુ, દિલ્હીના પ્રૉ. બદ્રી નારાયણ પ્રૉજેક્ટ કો-ઑર્ડિનેટર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. એમણે થીમની સમજ મીટમાં ભાગ લેનારા ભાગીદારોને આપી હતી.

ઉદ્ઘાટન સત્રમાં પ્રૉ. જયરામે જણાવ્યું હતું કે માઈગ્રેશનથી ચોક્કસ ફોક ફૉર્મ્સનો લાભ સમાજના મોટા વર્ગને મળ્યો છે જે સોશિયોલૉજીસ્ટ, ઈતિહાસકારો અને ઍન્થ્રોપોલૉજીસ્ટ માટે ડેટાનો મોટો સ્રોત છે.

પ્રૉ. વિદ્યુત જોષીએ જણાવ્યું હતું કે સૌથી વધુ સ્થળાંતર દલિતોમાં થયું છે અને એમનામાં હજુ પણ પૂરતી જાગૃતિ નથી. લોકગીતો એ તેમના માટે ઉજવણીનું માધ્યમ છે પરંતુ એ તેમની દલિત હોવાની લાગણીનું દર્દ ઓછું કરવાનું માધ્યમ નથી બની શક્યાં. પ્રૉ. રઘુવીર ચૌધરીએ પ્રમુખ સ્થાનેથી બોલતાં સ્થાનાંતર કરનારાઓના સાહિત્ય ઉપર પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે ભાગલા એ જ આ સાહિત્યનો મુખ્ય વિષય રહ્યો હતો. ટૅકનોલૉજીના લાભથી સ્થાનાંતરનું દુખ થોડું હળવું થયું છે પરંતુ એમના આ દુખનું નિર્મૂલન કરવા અને સન્માન પ્રાપ્ત કરવા માટે હજુ ઘણા પ્રયાસોની જરૂર છે.

અન્ય સત્રાને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ પૉપ્યુલેશન સ્ટડીઝ, મુંબઈના પ્રૉ. આર બી ભગત, તદ્ભવના ઍડીટર અખિલેશ, જેઍનયુ દિલ્હીના પ્રૉ. દેવેન્દ્ર ચૌબે અને ભોજપુરી સાહિત્ય અકાદમીના ડિરેક્ટર નવલ શુક્લા દ્વારા સંબોધિત કરવામાં આવ્યું હતું, જેમાં ભોજપુરી માઈગ્રન્ટ્સની વેદના અને વાતોને વિગતે વણી લેવામાં આવી હતી.

પ્રથમ દિવસે આ મીટ બે સૅશનમાં યોજાઈ હતી : 'માઈગ્રેશન ઍન્ડ ફોર્મૅશન ઑફ કમ્યુનિટીઝ ઈન ડૅસ્ટીનેશન' અને 'લિટરરી ઍન્ડ કલ્ચરલ રિફ્લેક્શન્સ ઑફ માઈગ્રન્ટ્સ લાઈફ'. આ સાથે જ ગ્રામીણ કવિઓ દ્વારા હિન્દી અને ગુજરાતીમાં કાવ્ય પઠનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સોમવારે આ મીટ અંતર્ગત પ્રથમ સૅશન 'ટ્રેડીશનલ કલ્ચર ઍન્ડ ઈન્ટેલૅક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સ' આધારિત હતું. બીજું સૅશન હતું : 'એ કલ્ચરલ ઈન્ટરફેસ : ફોક પર્ફોમન્સીસ ઑફ હોમલૅન્ડ ઍન્ડ ડૅસ્ટીનેશન ઈન માઈગ્રન્ટ હૅબીટાટ'. કાર્યક્રમ અંતર્ગત સોમવારે ખ્યાત બિરહા ગાયક મન્નુ યાદવ, તારકેશ્વર મિશ્રા 'રાહી', પ્રિયંકા સિંહ, કૈલાસ નાથ મિશ્રા, રામાનુજ પાઠક, શ્યામ પ્રકાશ અને સ્થાનિક કલ્ચરલ ગૃપ્સ દ્વારા ફોક પર્ફોમન્સ પણ પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં.



પેથાપુર ગામના સ્વામિનારાયણ મંદિર ખાતે ધરનુર્માસમાં ભગવાન વિધ્યાભ્યાસ કરી રહ્યા છે. આ પ્રસંગે ઠાકોરજી ઘનશ્યામ મહારાજને નીત નવાં વાઘાં પહેરાવી હરિભક્તોને દર્શન કરાવાય છે. વન વિચરણમાં નીલકંઠવર્ણીની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. પૂજારી ઘનશ્યામ જીવનદાસ સ્વામીએ આ પ્રતિકૃતિ તૈયાર કરી હતી જેનાં દર્શનનો હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ઉત્તરાયણ સુધી ચાલનારા આ પર્વમાં ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. **(તસવીર : કમલેશ શાહ)**

## રાંધેજા ખાતે શાળાઓનાં પટાંગણમાં ઔષધિય વૃક્ષોનું આરોપણ કરાયું



ગાંધીનગર, તા. ૫

રાંધેજા ગામ ખાતે શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ સપ્તાહના પ્રથમ દિવસે શાળાઓના પટાંગણમાં ઔષધિય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી સરપંચ બળદેવભાઈ પટેલ, કૃષ્ણનગર શાળાનાં આચાર્ય પારૂલબેન મોદી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રૂપાલના આયુષ મૅડિકલ ઑફિસર પ્રિયંકાબેન પરીખ તેમજ દાતા જયેશભાઈ ઠાકોર, રાંધેજા સબ સૅન્ટરનો સ્ટાફ, આશા વર્કર્સ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આરોગ્ય વિષયક જાગૃતિ અંગે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને દાતા દ્વારા અપાયેલાં બિસ્કીટ્સનું વિતરણ અતિથિઓના હસ્તે કરવામાં આવ્યું હતું. ડૉક્ટર દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા મિશન અને વ્યક્તિગત સ્વચ્છતાના મહત્ત્વ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

# મનોરંજક મસાલાથી ભરપૂર ગુજરાતી ફિલ્મ : હુ તુ તુ તુ

## મહિલા દિગ્દર્શક દ્વારા દિગ્દર્શિત આ પ્રથમ ગુજરાતી ફિલ્મ છે

હુતુતુતુ- આવી રમતની ઋતુ નામની લાઈમલાઈટ પિકચર્સની પ્રથમ ફિલ્મ ગુજરાતી ફિલ્મ સિનેમાના પડદે તા. ૧લી જાન્યુઆરીના રોજ રજૂ થઈ ચૂકી છે અને સિનેમા જોનાર દર્શકોના માનસમાં એક ઉંડી અસર પેદા કરી શકી છે.

એક મહિલા દિગ્દર્શક દ્વારા દિગ્દર્શિત આ પ્રથમ ગુજરાતી ફિલ્મ છે અને આ ફિલ્મ દ્વારા શિતલ શાહે દિગ્દર્શન ક્ષેત્રે પગરણ માંડ્યાં છે. દેશનાં ૧૪૯ સિનેમાઘરોમાં ૪૪૧ શો સાથે રજૂઆત દ્વારા તે વ્યાપકપણે ઉપલબ્ધ કરાયેલી આ પ્રથમ ગુજરાતી ફિલ્મ છે. તેની વાર્તા બે રમત અને એક શેરબજારની આસપાસ વણાયેલી છે અને કિસ્મત છેક છેલ્લે સુધી કેવા વળાંકો સર્જે છે તેનું આલેખન કરે છે. આ ફિલ્મને વિવેચકોની પણ ખૂબ જ પ્રશંસા હાંસલ થઈ છે અને તેને ખૂબ જ સ્વચ્છ અને ચબરાક ફિલ્મ ગણવામાં આવી છે. એમાં સાચા અર્થમાં ગુજરાતીપણાની ભાવનાનું જરૂરી કટાક્ષ સાથે નિરૂપણ કરાયું છે. તેમાં રોમાન્સ, બદલો અને રમૂજ છે અને આ બધુ સપ્રમાણ રીતે સ્પષ્ટપણે દર્શાવાયું છે. આ ફિલ્મનું હાર્દ એ છે કે આસપાસનું વાતાવરણ એકંદરે કેવી રીતે માણસની પ્રકૃત્તિને કેવી અસર કરે છે! લેખિકા અને દિગ્દર્શક શિતલ શાહ કહે છે કે "આ ફિલ્મની રજૂઆત ખૂબ જ રોમાંચક રહી છે. મારી પ્રથમ ફિલ્મને જે ઉષ્માપૂર્ણ આવકાર મળ્યો છે તેનો મને અત્યંત આનંદ છે..

હુતૂતૂતૂ પડદા ઉપર અને પડદા બહાર પણ એક મંજિલ સમાન છે અને તે અનેક કસોટીઓમાંથી પાર ઉતરી છે. અમારા માટે નવુ વર્ષ એક સુખદ સ્થિતિ લઈને આવ્યું છે."







ફિલ્મના કલાકારોમાં પ્રસિધ્ધ ગાયક પાર્થ ઓઝા, શાઈના શાહ, રૌનક કામદાર, ઉપરાંત અંકિત જોષીપુરા, અભય ચંદારાણા, ભક્તિ કુબાવત અને અસિમ પરીખનો સમાવેશ થાય છે. અગાઉ એમએસ ધોની, હોલીડે, ફેરારી કી સવારી, ટોટલ સિયાપા અને અન્ય ફિલ્મો દ્વારા પ્રસિધ્ધ બનેલા સિનેમાટોગ્રાફર પ્રતાપ રાઉતની પ્રતિભા એમાં સુપેરે જોવા મળી છે. સંગીત દિગ્દર્શક કમલેશ ભડકમકર દ્વારા ગીતોને અદ્ભૂત સુરાવલી દ્વારા યાદગાર બનાવ્યાં છે.

પાર્થિવ ગોહિલ, અવની પટેલ અને વૈશાલી સામંત જેવા ગાયકોએ તેમના સૂરોનો જાદુ પાથર્યો છે, જે તમારા પગને થીરકતા કરી દેશે. સારેગામા તમારી સમક્ષ આ બધાં ગીતો લઈને આવે છે અને તે ઓનલાઈન ઉપલબ્ધ છે. હુતુતુતુનાં નિર્માતા હીના શાહ જણાવે છે કે "આ ફિલ્મ દ્વારા લાઈમલાઈટ પિકચર્સ દર્શકોને નવા વર્ષે હાઈક્વોલિટી ફિલ્મની ભેટ આપી છે. અમે ભારતમાં મનોરંજન બિઝનેસનો એક આંતરિક હિસ્સો બની રહેવા માગીએ છીએ. આ ફિલ્મને આજ સુધીમાં જે પ્રતિભાવ મળ્યો છે તે ખૂબ જ પ્રોત્સાહક છે અને વિવિધ પ્રતિભાળાળી કલાકારો સાથેના અમારા સહયોગને જરૂરથી આગળ ધપાવશે."



ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટીસ્ટ હરિન ભટ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી આદિવસી સંસ્કૃતિની પ્રતિકૃતિ તાજેતરમાં દેવગઢ બારિયા ખાતે આયોજિત કૃષિ મહોત્સવ-૨૦૧૬માં પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રતિકૃતિ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ભેટ આપવામાં આવી હતી. આદિવાસી સંસ્કૃતિ સાથે મધમાખી ઉછેર અને પશુપાલનને કૉટન સ્કલ્પચર પધ્ધતિથી ઈકોફ્રેન્ડલી પ્રતિકૃતિમાં આબેહૂબ રીતે સમાવી લેવાયા છે.